=========================================================

# ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ અદાલત, જી.ગીર સોમનાથ, મુ. વેરાવળ

=========================================================

**ફોજદારી કેસ નં.૧૫૫૫/૨૦૨૫**

**આંક–**

શ્રી સરકાર....

**ફરિયાદી**

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

(૧) વિજય સામતભાઈ ગઢીયા,
રહે. નવા કોળીવાડા, રામાપીરના મંદિરની પાસે, વેરાવળ
તા.વેરાવળ, જી.ગીર–સોમનાથ.

**આરોપી**

**<u>આરોપ :– જુગાર ધારાની કલમ–૧૨ (અ) મુજબ...</u>**

**<u>–:: ચુકાદો ::–</u>**

**(૧)** ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ જુગાર ધારાની કલમ–૧૨ (અ) મુજબનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

**(૨)** આજરોજ આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને વિના મુલ્યે પપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. તેઓ આ ગુન્હો સ્વેચ્છાએ કબૂલાત કરવા માગે છે તેમ જણાવી કબૂલાત પુરસીસ રજૂ કરતાં આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સ્વેચ્છાપૂર્વક કબૂલાત કરેલી છે અને પોતાનો પ્રથમ ગુન્હો હોય અને ભવિષ્યમાં ગુન્હો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ રજૂઆત કરેલી છે.

(૩) આરોપીની સ્વેચ્છાપૂર્વકની ગુન્હા કબૂલાત ધ્યાને લેતાં તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતાં આરોપીની આર્થિક, સામાજિક સ્થિતિ ધ્યાને લેતાં અને દયાની માંગણી કરતો હોય આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ (અ) મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી અને **આરોપીને રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંસ સો પુરા)** દંડની સજા ફરમાવું છું અને જો આરોપી દંડના ભરે તો આરોપીએ દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ કામે મુદ્દામાલ પાવતી નં.૭૩/૨૪ થી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ રૂા.૩૫૨૦/– શ્રી સરકાર ખાતે જમા કરવી બાકીના મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ તા.૩૦મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ રેગ્યુલર લોક અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૩૦/૦૫/૨૦૨૬

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, વેરાવળ
ગીર–સોમનાથ.
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)